# Harivandana COLLEGE

(Affiliated to Saurashtra University)

વિદ્યાર્થીઓને
મળવા પાત્ર વિવિધ

# સ્કોલરશિપ

વિશે
સંક્ષિપ્ત માહિતી

# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

# યોજનાનો લાભ ક્યા વિદ્યાર્થીઓ માટે ?

ગુજરાત રાજયમાં આવેલ માન્ય બોર્ડમાથી ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ / વિજ્ઞાન પ્રવાહ )ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સન્ટાઇલ (પી.આર.) મેળવી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં સ્નાતક/ડિપ્લોમા ના અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આ યોજના અન્વયે આર્થિક સહાય આપવામાં આવે છે.

(અનુસંધાન: MYSY યોજના – શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓએ માટે અગત્યની સૂચના- MYSY વેબસાઇટ)

# યોજના વિષેની સંક્ષિપ્ત માહિતી

| માપદંડ | વિગત |
|---|---|
| વિદ્યાર્થીઓ | તમામ જ્ઞાતીના વિદ્યાર્થીઓ |
| માન્ય બોર્ડ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ અથવા ગુજરાતનાં અન્ય માન્ય બોર્ડ |
| પ્રવાહ | વિજ્ઞાન પ્રવાહ / સામાન્ય પ્રવાહ / વાણિજ્ય પ્રવાહ |
| પર્સન્ટાઇલ | ૮૦ પર્સન્ટાઇલ કે તેથી વધુ |
| આવક મર્યાદા | વાર્ષિક ૬,૦૦,૦૦૦ સુધી |
| રહેવા-જમવા પેટે સહાય | રહેઠાણના તાલુકાની બહાર સરકારી/અનુદાનિત હોસ્ટેલ સિવાય અન્ય રહેતા વિદ્યાર્થીઓ |

(અનુસંધાન: MYSY યોજના – શૈક્ષણિક List of Education Department Resolutions for Mukhyamantri Yuva Swavalamban Yojana- MYSY વેબસાઇટ)

# યોજનાનો લાભ લેવા જરૂરી ડોક્યુમેંટ્સની યાદી

| જરૂરી ડોક્યુમેંટ્સ | જરૂરી ડોક્યુમેંટ્સ |
|---|---|
| ૧. વિદ્યાર્થીના આધારકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ | ૮. હોસ્ટેલ પ્રવેશ તથા જમવાની પહોંચની સ્વ-પ્રમાણિત નકલ (માત્ર રહેઠાણના તાલુકા બહાર રહેતા વિદ્યાર્થીઓ માટે) |
| ૨. ધોરણ-૧૨ પાસ કર્યાની માર્કશીટની સ્વ-પ્રમાણિત નકલ | ૯. નેશ્નલાઇઝ બેન્કમાં વિદ્યાર્થીના બચત ખાતાની પાસબુકના પ્રથમ પાનાની સ્વ-પ્રમાણિત નકલ |
| ૩. ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યાનો પ્રવેશ સમિતિ લેટરની સ્વ-પ્રમાણિત નકલ / કોલેજનું બોનાફાઈડ પ્રમાણપત્ર (કોલેજ પરથી મેળવવું) | ૧૦. ઇન્કમટેક્ષ રિટર્નની સ્વ-પ્રમાણિત નકલ અથવા આવક વેરાને પાત્ર આવક ન થતી હોવા અંગેનુ સેલ્ફ ડિકલેરેશન (અસલમાં) |
| ૪. ટ્યુશન ફી ભર્યાની તમામ પહોંચની સ્વ-પ્રમાણિત નકલ | ૧૧. ફી વિગતો દર્શાવતુ પત્રક (અસલ) (કોલેજ પરથી મેળવવું) |
| ૫. સેલ્ફ ડકર્લેરેશન (અસલમાં) | ૧૨. પિતા/વાલીના પાન કાર્ડની સ્વ-પ્રમાણિત નકલ (માત્ર આઇટી રિટર્ન ન ભરતા વાલીઓ માટે) |
| ૬. વાલીની આવકના પ્રમાણપત્ર (મામલતદાર અથવા તાલુકા વિકાસ અધિકારી)ની સ્વ-પ્રમાણિત નકલ | ૧૩. રાશન કાર્ડના પ્રથમ અને છેલ્લા પાનાની સ્વ પ્રમાણિત નકલ |
| ૭. સાંસ્થાના આચાર્યશ્રીનુ,સાંસ્થાના લેટરપેડ પર પ્રમાણપત્ર (અસલમાં) (કોલેજ પરથી મેળવવું) | ૧૪. વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઇઝનો ફોટો |

ખાસ નોંધ: ઉપરોક્ત તમામ અસલ તથા નકલ ડોક્યુમેંટ્સ વિદ્યાર્થીએ સ્વ-પ્રમાણિત કરી સ્કેન કરીને ઓનલાઇન ફોર્મ ભરવા માટે તૈયાર રાખવા.

(અનુસંધાન: MYSY યોજના – Instructions to students 2022-23 - MYSY વેબસાઇટ)

# ઓનલાઇન અરજી કરવા માટેની માર્ગદર્શિકા

Harivandana COLLEGE

- આ યોજનાનો લાભ લેવા માટે વિદ્યાર્થીએ અરજી પ્રક્રિયા www.mysy.guj.nic.in વેબસાઇટ પર કરવાની રહે છે.
- વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરતાં પહેલા જરૂરી તમામ ડોક્યુમેંટ્સ સ્કેન કરી ઇમેજ ફાઇલમાં તૈયાર રાખવા.

  ધ્યાનમાં રાખવા જવુ: તમામ ડોક્યુમેંટ્સ સ્વચ્છ રીતે વિગતો દેખાય તેવી રીતે વધુમાં વધુ ૪૦૦ kb સાઇઝમાં જ .jpeg કે .jpg ફાઇલમાં સ્કેનકરવા. ડોક્યુમેંટ્સમાં વિગતો સ્વચ્છ ન દેખાય તેવા કિસ્સામાં વિદ્યાર્થિનીએ અરજી રદ્દ થઈ શકે છે.
- વિદ્યાર્થી પોતાનો પ્રવેશ તથા કોલેજમાં નોંધણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યારબાદ જ ઓનલાઇન અરજી કરી શકે છે.

૧. અરજી કરવા માટે વિદ્યાર્થીએ www.mysy.guj.nic.in પર સૌપ્રથમ ધોરણ -૧૨ની વિગતના આધારે ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવાનું રહે છે.

૨. ઓનલાઇન અરજી કરતી પહેલા નીચેની બાબતો ખાસ વિદ્યાર્થી ધ્યનમાં રાખવી જરૂરી છે.

  - વિદ્યાર્થીનું નામ આધાર કાર્ડ તથા બેન્ક ખાતામાં સરખું હોવું જરૂરી છે.
  - વિદ્યાર્થીનું કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકમાં ખાતું હોવું ફરજિયાત છે.
  - બેંક પાસબૂકમાં IFSC કોડ, વિદ્યાર્થીનું પૂરું નામ તથા ખાતા નંબર સ્પષ્ટ દેખાય તે રીતે દર્શાવેલ હોવા જરૂરી છે.
  - વિદ્યાર્થીનું આધાર કાર્ડ પોતાના બેંક ખાતા સાથે લિન્ક થયું હોવું જરૂરી છે.
  - પિતા/વાલીનો આવકનો દાખલો તાજેતરનો હોવો જરૂરી છે. મુદ્દત પૂરી થયેલ હોય તેવો આવકનો દાખલો અરજી માટે માન્ય ગણાશે નહીં.
  - સેલ્ફ ડિકલેરેશનમાં કોઈપણ જાતની છેકછાક કે ભૂલ ના થાય તેનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે.
  - સરકાર દ્વારા વખતોવખત સૂચના અમે માહિતી SMS તથા Email થી આપવામાં આવતી હોય અરજી માટે વિદ્યાર્થીનું Email Id તથા મોબાઇલ નંબર પોતાનો હોય તે હિતાવહ છે.

# ઓનલાઇન અરજી કરવા માટેની માર્ગદર્શિકા

૩. ઓનલાઇન રજિસ્ટ્રેશન થઈ જાય ત્યાર બાદ વેબસાઇટ પર વિદ્યાર્થીએ અરજી કરવા ઓનલાઇન ફોર્મમાં પોતાની વિગતો ચોક્કસાઈપૂર્વક ભરવાની રહે છે.

<u>ધ્યાનમાં રાખવા જવુ</u>: ઓનલાઇન અરજી કરતી વખતે તમામ વિગતો ડોક્યુમેંટ્સ મુજબ જ ભરવી જરૂરી છે. ઓનલાઇન ભરેલ વિગતો જો ડોક્યુમેંટ્સમાં દર્શાવેલ વિગતો મુજબ સરખી ન હોવાના કિસ્સામાં વિદ્યાર્થિનીએ ઓનલાઇન અરજી રદ્દ થઈ શકે છે.

૪. વિગતો સંપૂર્ણ ભર્યા બાદ વિદ્યાર્થી પોતાની અરજી માટે ભરેલ તમામ વિગતોની ચોક્કસાઈપૂર્વક ખરાઈ કર્યા બાદ જ ઓનલાઇન અરજી લોક કરવાની રહે છે.

૫. ઓનલાઇન અરજી લોક કર્યા બાદ સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ નજીકના હેલ્પ સેંટર પર અથવા કોલેજ પર ચાલતા હેલ્પ સેંટર પર વિદ્યાર્થીએ પોતાની ઓનલાઇન અરજીની પ્રિન્ટ તથા ઓનલાઇન અરજી કરતી વખતે અપલોડ કરેલ તમામ જરૂરી ડોક્યુમેંટ્સની કોપી સાથે રાખી વેરિફિકેશન કરવાવવાનું રહે છે.

૬. વેરિફિકેશન પૂર્ણ થયે હેલ્પ સેંટર પાસેથી Acknowledgement Receipt અચૂક લેવાની રહે છે.

૭. સરકારશ્રી દ્વારા વખતોવખત SMS તથા Email દ્વારા વિદ્યાર્થીને જરૂરી સૂચના તથા અરજી અંગેની જાણ કરવામાં આવે છે. તેથી સમયાંતરે સરકારશ્રી દ્વારા મોકલવામાં આવેલ સૂચનો અને અરજી અંગેની જાણ માટે SMS તથા Email તપાસતા રહેવું હિતાવહ છે.

(અનુસંધાન: MYSY યોજના – Instructions to students 2022-23 - MYSY વેબસાઇટ)

# વધુ માહિતી માટે...

- MYSY યોજના માટેની વેબસાઇટ www.mysy.guj.nic.in ની મુલાકાત આવશ્ય લેવી.
- અરજી વિષયક માર્ગદર્શન તથા અન્ય જાણકારી માટે વેબસાઇટમાં અપલોડ કરવામાં આવેલ પરીપત્રો તથા GR સમયાંતરે ખાસ વાંચવા હિતાવહ છે.
- વધુ વિગતો માટે MYSY હેલ્પલાઇન નંબર 079-26566000, 7043333181 (સવારે ૧૦:૩૦ થી સાંજે ૦૬:૦૦ સુધી) સપર્ક કરવો.

(અનુસંધાન: MYSY યોજના –MYSY વેબસાઇટ)

Harivandana COLLEGE
(Affiliated to Saurashtra University)

## B.Sc., B.C.A, B.Sc.(I.T.), B.B.A, B.Com

## M.Sc.(I.T. & C.A), LL.B, M.Com, M. Sc. (Chemistry), B.Ed., P.G.D.C.A

### OUR CONCERNED INSTITUTES

Harivandana Physiotherapy College (B.P.T. & D.M.L.T.)

Haridarshan College (M.S.W)

### CONNECT WITH US


Nr. Saurashtra University Campus, Munjka, Rajkot – 360005.

Contact: 99781 55555, 80709 11111

www.harivandanacollege.org Harivandana College Official Harivandana College Official Harivandana College